ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૩ ટકા
ગાંધીનગર તાપમાન

# સિવિલના પ્રાંગણમાં લાપતા દર્દીનો મૃતદેહ મળ્યો

## સે-૧૩માં રહેતા યુવા દર્દીએ હોસ્પિટલના છઠ્ઠા માળેથી ઝંપલાવીને આપઘાત કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૬

શહેરના સેક્ટર-૧૩માં રહેતા ૨૪ વર્ષીય યુવાનને ઝાડા-ઊલટીની બીમારીને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૩૦ મે એ દાખલ કરવામાં આવ્યો હતો. વોર્ડમાંથી અચાનક આ દર્દી ગાયબ થઈ ગયો હતો. સ્થાનિક પોલીસ સ્ટેશનમાં યુવાનના ગુમ થયાની જાણવાજોગ પણ નોંધાવા પામી હતી. દરમિયાન આજે સવારે આ લાપતા થઈ ગયેલા દર્દીનો હોસ્પિટલની નવી બિલ્ડિંગના અવાવરૂ સ્થળેથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. સેકટર-૭ પોલીસને ઘટનાની જાણ થતાં ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃત્યુ પીએમ માટે મોકલી આ ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં દર્દી યુવાને આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું હોવાની આશંકા પોલીસે વ્યક્ત કરી છે.

મળતી માહિતી મુજબ આજે સવારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડિંગના કચરાના ઢગ સમાન અવાવરૂ સ્થળેથી એક બિનવારસી યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ઘટના અંગે સેકટર-૭ પોલીસને જાણ થતાં પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને મૃતક યુવાનની ઓળખ માટે તજવીજ શરૂ કરી હતી. દરમિયાન તાજેતરમાં જ આ હોસ્પિટલમાંથી લાપતા થયેલા એક દર્દીના પરિવારજનો આ સ્થળે આવી પહોંચ્યા હતાં અને મૃતક ઉપર નજર નાખી હૈયાફાટ રૂદન શરૂ કરી દીધું હતું. જે યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો તે બીજું કોઈ નહીં પરંતુ હોસ્પિટલમાંથી લાપતા થયેલ દર્દીનો હતો. સે-૧૩ પ્લોટ નંબર ૫૮૪/૧માં રહેતા અને સિવિલ હોસ્પિટલમાં જ વર્ગ-૪ના કર્મચારી તરીકે ફરજ બજાવતા એક મહિલા કર્મીનો દીકરો ભરત નરેશભાઈ વાઘેલા ૩૦ મે એ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. ઝાડા-ઊલટીની બીમારીને કારણે દાખલ થયેલો ભરત વાઘેલા અચાનક જ વોર્ડમાંથી કયાં ગાયબ થઈ ગયો હતો. તેના પરિવારજનોએ શોધખોળ કરી હોવા છતાં કયાંયથી તેના સગડ ન મળતા આખરે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં દીકરાના ગુમ થયા અંગે જાણવાજોગ નોંધાવી હતી. પોલીસ અને પરિવારજનો દ્વારા ભરત વાઘેલાની શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે હોસ્પિટલના જ નવી બિલ્ડીંગ નીચેથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવા દર્દીના મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને આ યુવા દર્દીએ હોસ્પિટલના છઠ્ઠા માળેથી ઝંપલાવી જીવન ટુંકાવ્યુ હોવાની શંકા છે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે. નોંધનીય બાબત છે કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંકુલમાં બિલ્ડિંગ ઉપરથી કૂદીને દર્દીના આપઘાત કરવાના કિસ્સાઓમાં આ ચોથો બનાવ છે.









ગાંધીનગર શહેરના સેકટર-૨૨ માં રહેતા અગ્રણી વેપારી જશુભાઈ મોદીના નિવાસ સ્થાને પવિત્ર અધિકમાસ નિમિતે ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા શ્રવણનો લાભ સેકટરવાસીઓ તેમજ ધર્મપ્રેમી નાગરીકો લઈ રહ્યા છે.

## ગાંધીનગર સિવિલમાં એક્સ-રે મશીન છેલ્લા બે દિવસથી બંધ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ જ નહીં સિવિલમાં કામ કરતો સ્ટાફ પણ સતત સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે છેલ્લા બે દિવસથી સિવિલમાં એકસ-રે મશીનમાં ટેકનીકલી ખામી સર્જાતા બંધ થઈ ગયું છે. જેને પગલે દર્દીઓનું યોગ્ય નિદાન થઈ શકતુ નથી અને ડોકટર્સને પણ હેરાન થવાનો વારો આવ્યો છે. ત્યારે સમયાંતરે ખોટકાતા એકસ-રે મશીનને કારણે ગ્રામ્ય વિસ્તારના દર્દીઓની હાલત કફોડી બની જવા પામે છે.

ગાંધીનગર સિવિલમાં છેલ્લા કેટલાક વર્ષોથી વહીવટી તંત્ર ખાડે ગયું છે. ટપકતી છતથી લઈને લાઈટો તેમજ પંખા ડુલ થઈ જવાની સાથે મેડીકલ ઈન્સ્ટુમેન્ટ બગડી જવાને કારણે દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. મેડીકલ કોલેજ બનવાને કારણે દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે તો સાથેસાથે ગ્રાન્ટમાં પણ વધારો થવા પામ્યો છે. પરંતુ યોગ્ય અમલવારીના અભાવે અગાઉની જેમ દર્દીના ભાગે ધક્કા ખાવાનો જ વારો આવે છે. છેલ્લા બે દિવસથી એકસ-રે મશીનમાં ટેકનીકલ ખામી સર્જાઈ છે. જેને પગલે બંન્ને મશીન બંધ હાલતમાં છે તેવી સ્થિતિમાં દર્દીના એકસ-રે પડી શકતા નથી. સિવિલમાં રોજના ૩૦૦ થી પણ વધુ એકસ-રે પડતા હોય છે. ત્યારે મશીન બંધ હોવાને કારણે ઘણા દર્દીઓને ખાનગીમાં એકસ -રે પડાવવાનો વારો આવ્યો છે. ત્યારે એકસ-રે નહી પડવાને કારણે દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. તો બીજી તરફ એકસ-રે નહી પડતો હોવાને કારણે ડોકટર પણ યોગ્ય નિદાન કરી શકતા નથી. જેથી ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને બીજીવાર આવવાનો ધક્કો ખાવો પડે છે. ત્યારે એકસ-રે મશીન ઝડપી શરુ થાય તેની રાહ દર્દીઓ જોઈને બેઠા છે.



સેકટર-૨૧ બ્લોક નં- ૨૫-૩ છ ટાઈપમાં વસવાટ કરતા સંજયભાઈ વાંકાણી નિવાસસ્થાને સવારના સુમારે લીમડાના વૃક્ષ પર સાપ દેખાતા ડરી ગયા હતા. તેઓએ તાત્કાલીક શહેરના સ્નેક કેચરને બોલાવતા તે યુવાને સાપને પકડી પાડ્યો હતો અને સાબરમતિ નદીના કિનારે વન્ય વિસ્તારમાં છોડી દીધો હતો.

## શહેરીજન સંસ્થા સે-૭-ડી દ્વારા તેજસ્વી તારલાઓ સન્માનાશે

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી તરફથી દર વર્ષની જેમ ૨૦૧૮માં પણ સેકટર-૭-ડીના રહેવાસીઓના સંતાનો કે જેઓએ ધો-૧ થી ૧૨ સુધીમાં ૭૫ ટકા કે વધુ ગુણાંક પ્રાપ્ત કરેલ છે તેમનું સન્માન જુલાઈ માસમાં યોજાનાર કાર્યક્રમમાં કરવામાં આવશે. સાથે સાથે ૭૫ ટકાથી ઓછા ગુણાંકવાળાને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવશે. તો સેકટર-૭-ડીના સભ્યોને જણાવવાનું કે પોતાના સંતાનો/પૌત્રો/પૌત્રીની માર્કશીટની નકલ તા. ૨૦મી જુન સુધીમાં જયંતભાઈ ભટ્ટ પ્લોટ નં. ૧૨૪૨/૨, સુમંતભાઈ શાહ પ્લોટ નં. ૧૨૫૫/૧, મહેશભાઈ ડી. રાવલ પ્લોટ નં. ૧૨૨૨/૨, ભકિતભાઈ કારીયા પ્લોટ નં. ૧૩૧૪/૧ના નિવાસસ્થાને પહોંચાડવી. તેમ પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## હિલવુડ સ્કૂલનું બોર્ડની પરીક્ષાઓમાં ઉત્કૃષ્ઠ પરિણામ

ગાંધીનગરના સેકટર-૨૫ જીઆઈડીસી સ્થિત હિલવુડ સ્કૂલના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાઓમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુ છે. ધો-૧૨ સાયન્સની વિદ્યાર્થીની વાગીશા ચારણે ૯૭.૪ ટકા સાથે શહેરમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

હિલવુડ સ્કુલના ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓના પરિણામમાં વાગીશા ચારણ ૯૭.૪ ટકા સાથે પ્રથમ સ્થાને, સ્વર્ણિમા દૂબે ૯૩.૬ ટકા સાથે દ્વિતિય સ્થાને અને પરમ જાદવ ૯૨.૬ ટકા સાથે તૃતીય સ્તાને ઉત્તીર્ણ થયા છે. ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના પરિણામમાં પ્રિયા જાની ૯૭.૨ ટકા સાથે પ્રથમ સ્થાને, શિવ પટેલ ૯૭ ટકા સાથે દ્વિતિય સ્થાને જયારે પ્રિયલ માલાકાર ૯૬.૮ ટકા સાથે તૃતીય સ્થાને ઉત્તીર્ણ થયા છે. તમામ વિદ્યાર્થીઓને સ્કૂલ સંચાલકો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# શહેરમાંથી ૪૫ કિલો પ્લાસ્ટીક જપ્ત



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરને પ્લાસ્ટીક મુકત કરવાના અભિયાનને પગલે આજે મનપા દ્વારા ૪ સેનેટરરી ઈન્સપેકટર અને ફાયર ટીમના સભ્યોને કામ સોંપવામાં આવ્યું છે. આ પ્લાસ્ટીક અભિયાનના ઈન્ચાર્જ મહેશ મોડ છે. તેમની દેખરેખ હેઠળ ટીમોએ નગરના વિવિધ સ્થળો પર ચેંકીગ કરીને અંદાજીત ૪૫ કિલો પ્લાસ્ટીક ઝપ્ત કર્યુ છે. જેમાં પ્લાસ્ટીકના પાણીના કપ, પાણીના પાઉચના ૨૭ બેગ, પ્લાસ્ટીકની થેલી, ચાના કપ સહિતનો સમાવેશ થાય છે. તંત્રએ અચાનક પ્લાસ્ટીક અંગે ચેંકીગ હાથ ધરતા વેપારીઓમાં ફફળાટ ફેલાઈ ગયો છે.

પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન અંતર્ગત સરકારના જાહેરનામાને પગલે સ્થાનિક સંસ્થા (મહાનગર પાલિકા-નગરપાલિકા)ને કરવાની થતી કામગીરીને અનુલક્ષી ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ગાંધીનગરના વિવિધ આઠ વોર્ડમાં ચાર સેનેટરી ઈન્સપેકટરોની ટીમો બનાવી ૫૦ માઈક્રોન કરતા ઓછી હોય તેવી પ્લાસ્ટીક કેરી બેગના વપરાશકર્તાઓ પાસેથી સેકટર-૧૬, કોમર્શિયલ વિસ્તાર, સેકટર-૨૪, હરાજી માર્કેટ, સેકટર-૨૧, સે-૬, પથિકાશ્રમ વિસ્તાર, સિવિલ કેન્ટીન, લારી ગલ્લા તથા શાકમાર્કેટ સહિતના વિસ્તારમાંથી કુલ-૪૫ કિલો પ્લાસ્ટીક કેરી બેગ, પ્લાસ્ટીકના ચાના કપ, પાન મસાલાના વેપર જપ્ત કરવામાં આવ્યા છે. તંત્રની પ્લાસ્ટીકલક્ષી કામગીરીને પગલે શહેરના વેપારીઓમાં હાહાકાર મચી જવા પામ્યો છે.

## @ગાંધીનગર

● સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે પ્રથમ પદવીદાન સમારંભ સવારે ૯.૩૦ કલાકે મહાત્મા મંદિર સેમિનાર હોલ-૧ ખાતે યોજાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા કાર્યવાહક સમિતિની બેઠક સાંજે ૫ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે.

## અસ્થિ વિસર્જન પુષ્પાંજલિ પ્રાર્થનામાં જોડાવા શહેર વસાહત મહામંડળની અપીલ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર અંતિમધામ તથા સરગાસણ અંતિમધામ ખાતે અગ્નિ સંસ્કાર પામેલ સ્વજનોના અસ્થિ વિસર્જન પ્રતિ દર ત્રણ માસે હરિદ્વાર ખાતે શહેર વસાહત મહામંડળ દ્વારા યોજવામાં આવે છે. તે પ્રમાણે તા. ૯મી જુનના સવારે સવા નવ વાગે સેકટર-૩ અંતિમધામ ખાતે પુષ્પાંજલિ-પ્રાર્થના યોજવામાં આવનાર છે. તો સર્વે સ્વજનોએ જોડાવા વિનંતી છે. તા. ૧૧મી જુના રોજ મહામંડળના સેવા સૈનિકો શશીકાંતાઈ મોઢા, મુકેશભાઈ શુકલ દ્વારા વિધિ સંપન્ન કરાશે. તા. ૯મી માર્ચથી તા. ૮મી જુન સુધી અગ્નિ સંસ્કાર પામેલ સ્વજનોના અસ્થિ વિસર્જન કરવામાંઆવશેતેમ પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું છે.

## હવે વાહનચાલકો કોઈ પણ આરટીઓ કચેરીમાં લાયસન્સ રીન્યુ કરાવી શકશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સહિત રાજયભરના વાહનચાલકો માટે સરકારે એક વિશેષ નિર્ણય કર્યો છે. હવે વાહનચાલકો પોતાના ડ્રાઈવીંગ લાયન્સ રાજયભરની કોઈ પણ આરટીઓ કચેરીમાં રિન્યુ કરાવી શકશે. સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી લાખોની સંખ્યામાં વાહન લાયસન્સ ધારકોને મોટો ફાયદો થશે.

ગુજરાત રાજયની તમામ આરટીઓ કચેરીમાં હાલમાં જે કચેરીમાંથી અરજદારોએ ડ્રાઈવિંગ લાયન્સ લીધું છે ત્યાં જ ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ માટે જવું પડે છે. કેટલાક સંજોગોમાં અરજદારે ડ્રાઈવીંગ લાયસન્સ મેળવ્યા બાદ નોકરી, લગ્ન, ધંધા રોજગાર અર્થે મૂળ કાર્યક્ષેત્રની બહાર જવું પડે છે અને અરજદારનું ડ્રાઈવીંગ લાયન્સ પુરું થઈ જાય તો તેને મૂળ કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરવા માટે ધક્કા ખાવા પડે છે સાથે નાણાં અને શકિતનો દુર્વ્યય થાય છે. સરકારે આ સમસ્યના કાયમી નિકાલ રૂપે આવતીકાલ તા. ૭મી જૂન ૨૦૧૮થી અરજદારો કોઈ પણ આરટીઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરાવી શકશે તેવો મહત્વનો નિર્ણય કર્યો છે. ઉપરાંત નામ પણ બદલાવી શકશે. વાહન વ્યવહાર વિભાગના આ નિર્ણયથી લાખોની સંખ્યામાં લાયસન્સ ધારકોને રાહત સાથે ફાયદો થશે.

## આજથી વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે બે દિવસીય રોજગાર મેળાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીકના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જિનીયરીંગ કોલેજ ખાતે આવતીકાલથી મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના ૨૦૧૮ અંતર્ગત ગ્રાન્ડ એમ્પ્લોયમેન્ટ ફેર ૨૦૧૮નો પ્રારંભ થઈ રહ્યો છે. આ ફેર તા. ૭ થી તા. ૮મી જૂન દરમિયાન બે દિવસ માટે યોજાશે. જેમાં રાજયભરમાંથી ૩૦થી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓ ભાગ લેશે.

મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના હેઠળ દરેક ઉમેદવારને દર મહિને રૂ. ૩ હજારના મહેનતાણા સાથે ઉદ્યોગકારો દ્વારા તાલીમ આપવાની જોગવાઈ છે. જે અંતર્ગત કારખાનાઓ, હોસ્પિટલો, હોટલ અને બેંકો જેવા ખાનગી ક્ષેત્રોમાં મળીને ૧ લાખ યુવાનોને આવરી લેવાની રાજય સરકારની નેમ છે. એપ્રેન્ટિસનો કાર્યકાળ ૧ વર્ષ સુધીનો રહેશે. વીજીઈસીના આચાર્ય ડૉ. રાજુલ ગજ્જરે જણાવ્યું હતું કે આ યોજનાનો ઉદ્દેશ રાજયમાં વધુ રોજગારી સર્જન કરવાનો છે. જેમાં કુશળતા આધારિત તાલીમ અને અન્ય તાલીમ આપીને યુવાનોને જે તે ઉદ્યોગ અનુસાર તૈયાર કરી સક્ષમ બનાવવાનો છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત ખાતે વીજીઈસી ખાત આયોજિત રોજગાર મેળામાં સામેલ થવા ૩૦૦થી વધુ ઓનલાઈન વિદ્યાર્થીઓની નોંધણી થવા પામી છે. આ ઉપરાંત ઓફ લાઈન રજીસ્ટ્રેશન પણ થશે તેથી આંકડો વધશે.

## સે-૩ રામેશ્વર મંદિર ખાતે અગ્નિહોત્ર યજ્ઞ યોજાયો



ગાંધીનગર, તા.૬

૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સે-૩ રામેશ્વર મંદિર ગાંધીનગર ખાતે અગ્નિહોત્ર યજ્ઞ યોજાયો હતો.

વિશ્વમાં પૃથ્વી, જળ અને પ્રદુષણથી અનેક પ્રકારની બિમારીઓ વધી રહી છે. ઉત્થાન ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલા પર્યાવરણ શુધ્ધિ અભિયાનના ભાગરૂપે વિપીન પંડયા, પ્રશાંત ગોયલ અને સત્યનારાયણ પાંડે દ્વારા અગ્નિહોત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાઈ બહેનોને યજ્ઞ અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. પાંચ વર્ષની વયના બાળકથી માંડીને તમામ વયના ભાઈઓ-બહેનોને ખૂબ જ નજીવા ખર્ચે અને ફકત પાંચ મિનિટ જેટલા અલ્પ સમયમાં સ્વયં અગ્નિહોત્ર યજ્ઞ કાર્ય કરવા અંગેની જાણકારી આપવામાં આવી હતી. યજ્ઞની ગુણકારી ભષ્મ દ્વારા વિવિધ પ્રકારની શારિરીક તેમજ માનસિક બિમારીઓ દૂર કરવા અંગેની પણ જાણકારી આપવામાં આવી હતી. વૈદિક કાળમાં દરેક વ્યકિત દ્વારા કરવામાં આવતા માનવજાતિને ખૂબ જ ઉપકારી એવા અગ્નિહોત્ર યજ્ઞ કાર્ય અપનાવવા તમામને અનુરોધ કરવામાં આવ્યો હતો.

## રીક્ષા ડ્રાઈવર પર જીવલેણ હુમલો કરનાર બંને શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામના બે શખ્સોએ મળીને એક રિક્ષા ડ્રાઈવર ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. રિક્ષાનું ભાડું માંગતા વાવોલના યુવાનને લાગી આવ્યું હતું અને બંને મિત્રોએ મળીને રિક્ષા ડ્રાઈવર ઉપર છરાથી હુમલો કરી તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો આ પ્રકરણમાં સેકટર-૭ પોલીસે એક સગીર સહિત બંને હુમલાખોરોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાવોલ ગામના શેખ વાસમાં રહેતા રિક્ષા ડ્રાઈવર મુશ્તાક અહેમદ શેખ ઉપર બે દિવસ પહેલાં રાત્રે વાવોલ ગામના નાડીયા વાસમાં રહેતા બે શખ્સોએ મળીને નજીવી બાબતે જીવલેણ હુમલો કર્યો હતો. ગાંધીનગર પથિકાશ્રમના શટલ ફેરા મારતા રિક્ષા ડ્રાઈવર મુસ્તાકએ વાવોલના જ મુસાફર અર્પિત નાડીયાને રિક્ષામાં બેસાડી મુસાફરી પૂરી કરાવ્યા બાદ પાંચ રૂપિયા ભાડું માગતા અર્પિત ઉશ્કેરાઈ ગયો હતો અને તેના સગીર વયના મિત્રને બોલાવીને ગાળાગાળી શરૂ કરી દીધી હતી. ગાળો બોલવાની મુસ્તાકએ ના પાડતા અર્પિત વધુ ઉશ્કેરાઈ ગયો હતો અને છરો કાઢીને મુશ્તાકના પેટના ભાગે, પાંસળીના ભાગે અને પીઠના ભાગે આ ધારદાર છરો ભોંકી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા મુસ્તાકને અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. મુશ્તાકના ભાઈની ફરિયાદને આધારે સેકટર-૭ પોલીસે બંને હુમલાખોરો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી દરમિયાન ગઈકાલે જ એક સગીર સહિત બંને હુમલાખોરોની પોલીસે ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. ઓમપ્રકાશ ભગલભાઈ કોરી, ઉ.વ. ૩૯
- સ્વ. હરીભાઈ નાનજીભાઈ સોલંકી, ઉ.વ. ૭૫
- સ્વ. લાસુબેન ધૂળાભાઈ ઓડ, ઉ.વ. ૧૨૦
- સ્વ. સુરેશભાઈ દામોદરદાસ મોદી, ઉ.વ. ૭૫
- સ્વ. ભીખુસિંહ ચંદુસિંહ ચાવડા, ઉ.વ. ૬૫